





ઓકે આગ વિકાસની વાત કોઇ કરતું નથી!
ગરીબી સામે લડવાની વાત કોઇ કરતું નથી!
માત કોઇ કરતું નથી, મોંઘવારીનાં રાક્ષસને -
દુઃખ-દર્દ-દિલાસાની, વાત કોઇ કરતું નથી..




છે ફળ જેવા -
દવાથી પકવેલા -
રાહુલ ગાંધી..
(વિદેશી વર્તમાનપત્રની નોંધ)

કુરૂક્ષેત્રમાં,
દુશ્મની પેઢીઓની -
થાય 'સામના'
(ઠાકરે-દિગ્વિજય)

## ચિંતન

ગુણવાનપિ નોપચાતિ પૂજાં પુરૂષઃ સત્પુરૂ ખૈર કથ્યમાનઃ ।
ન હિ સૌરમણિઃ સ્વભાવ કાંતિ રવિપાદૈરનધિષ્ઠિતઃ કરોતિ ॥

ભલે ગુણવાન-વિદ્વાન-પંડિત-સાહિત્યકાર હોય, પણ જયાં સુધી સત્પુરૂષો વડે તેનું અનુમોદન-પ્રશંસા કરવામાં ન આવે ત્યાં સુધી તે સત્કાર-સન્માનને પ્રાપ્ત થતો નથી, જેમ સૂર્યકાન્ત મણિ-કે-દર્પણ પર જયાં સુધી સૂર્યનાં કિરણ પડતાં નથી ત્યાં સુધી તે પોતાની સ્વાભાવિક કાન્તિને પ્રગટ કરી શકતો નથી.'

એક કહેવત છે, વાડ વિના વેલો ચઢે નહીં, પરિવારની ઓથ વિના બાળકનો ગ્રોથ સંભવિત નથી.

આજના જમાનામાં પ્રચાર, ઢોલ પીટવા-માન-સન્માન-એવોર્ડ મેળવવાની ગોઠવણો બધા ક્ષેત્રમાં એક 'વ્યાપારી ધોરણે' પ્રસાર-પ્રચાર પામી ગયાં અનિષ્ટ છે. બાયોડેટામાં આવા એવોર્ડ-માન-સન્માનનાં ચાંદ-અકરામથી ગમે તેવા ના-'લાયક' પણ ઊંચી જગ્યા પર બેસી જાય છે અને આવડત વિના પદ-સ્થાન-માનની પ્રાપ્તિ કરી લે છે.

અરિસા પર સૂર્યનું કિરણ પડે ત્યારે જ એના પ્રકાશના પરિવર્તનથી અરીસો નોંધનીય બને છે નહીં તો એના પર કોઇનું ધ્યાન જતું નથી. પ્રધાનો-વડાપ્રધાનો-મુખ્યપ્રધાનો પોતાની કવિતાઓ આત્મકથા છુપાવી - જાતે જ પ્રકાશિત થાય છે.

## સુવિચાર

- સત્યથી કષ્ટ પડે તો પણ સત્ય ન છોડવું જોઇએ, અસત્યથી લાભ થતો હોય તો પણ તેનો આશ્રય ન લેવો **- રોબર્ટ બેન્સન**
- પરિણીત જીવનમાં પતિએ બે આંખ ખુલ્લી રાખવી અને પત્નીએ એક આંખ ખુલ્લી રાખવી **- જોન લીલી**
- જે દેશમાં કાયદાની સંખ્યા વધારે તે દેશમાં ચોર ડાકુઓની સંખ્યા પણ વધારે **- લાઓત્સે**
- મન, વાણી અને શરીરથી 'સંયમ' માં રહેવું એનું નામ જ બ્રહ્મચર્ય છે **- મહાવીર સ્વામી**
- ઋણ (ઉધાર-દેવું) લેનારો પિતા, વ્યભિચારી માતા, અત્યંત સૌંદર્યવાળી સ્ત્રી અને મુર્ખ પુત્ર આ ચાર મનુષ્યના દુશ્મન છે **- કૌટિલ્ય**
- માલિક બનવા માટે રાજકારણીઓ સેવકનો સ્વાંગ રચે છે **- ચાર્લ્સ ડી'ગોલ**
- પુરૂષ જે સ્ત્રીને ચાહતો હોય, તેને માટે કંઇ પણ કરવા તૈયાર હોય છે, માત્ર કાયમ ચાહવા માટેની ખાતરી આપવા સિવાય **- ઓસ્કાર વાઇલ્ડ**

## બોધ કથા

આપણે સુખ-સગવડ મેળવવાની દોડમાં જ દુઃખને આમંત્રણ આપતા રહીએ છીએ એક સગવડ વધારવા તેની સંલગ્ન સુવિધા ઊભી કરીએ સ્નાન માટે નળની લાઇન-બાથરૂમ-ટબ-ગરમ પાણીનું મશીન-લાઇટ એમ લપસિંદર વધ્યા જ કરે, લોટ-ઘરઘંટી-સફાઇના સાધનો- ફળ-ફૂલ-મિક્ષર... વગેરે... જરૂરિયાત જેટલી ઓછી એટલું સુખ હાથવગું -

સંત ડાયોજીનસે એક એક જરૂરિયાત ધીમે ધીમે ઓછી કરી સર્વસ્વનો ત્યાગ કર્યો, માત્ર એક કમંડળ રાખ્યું એમાં જ ખાવા-પીવાનું એક જ પાત્ર.. બાકી સર્વસ્વનો ત્યાગ.

એકવાર ડાયોજીનસ નદી કિનારે પાણી પીવા જતા હતા. ત્યાં બરાબર એમની પાસેથી જ એક કૂતરું પસાર થયું અને જે ઘાટ પર ડાયોજીનસ પાણી પીવા જતા હતા ત્યાં જ નીચું વળી મોઢેથી જીભ વડે 'બચ-બચ' કરી ત્યાં પાણી પીવા લાગ્યું..

ડાયોજીનસ તો આ જોઇ જ રહ્યાં એમને એક આંચકો લાગ્યો અને મનમાં બોલ્યા. અરે, આ કૂતરાં જેટલી પણ મને ખબર નથી! પાણી પીવા માટે તે વળી કમંડળની પણ શી જરૂર?! અને તે જ ક્ષણે એમને કમંડળનો પણ ત્યાગ કર્યો.

# સાહિત્યના પાયામાં સમાજ અને સંસ્કૃતિ રહેલાં છે, જેણે પરિણામે કવિ કે લેખક દ્વારા તૈયાર થયેલ કવિતા કે નવલકથાથી સમાજને નવો સંદેશ અને સંકેત મળે છે

## ● સમાચાર સેતુ

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

● ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે, પૂર્વ મુખ્ય ઈજનેર શ્રી રમેશભાઈ ડી. પટેલ વ્યાખ્યાન માળા અંતર્ગત ''ગુજરાત નવલકથાઓનું ચલચિત્રમાં અભિનય સમ્રાટ અને વિદ્વાન વક્તા શ્રી ઉપેન્દ્ર ત્રિવેદીનું વ્યાખ્યાન, તા. ૯-૯-૨૦૧૨ ના રોજ સેકટર-૨૧ના જિલ્લા સરકારી પુસ્તકાલયના હૉલમાં ઝરમર વરસતાં વરસાદના ખુશ્નુમા વાતાવરણમાં યોજાયું. સંસ્થાના મંત્રી અને જાણીતા સાહિત્યકાર શ્રી નટવર હેડાઉએ સૌ પ્રથમ કાર્યક્રમની રૂપરેખા આપી. ત્યારબાદ શ્રી મૂળજીભાઈ પરમાર 'દધિ' દ્વારા, શબદની આરાધ્ય દેવી મા શારદાને સ્તુતિ વંદનાથી પ્રાર્થીને કાર્યક્રમનાં મંગલાચરણ કરવામાં આવ્યાં. ત્યારબાદ આમંત્રિત મહેમાનોના કરકમળથી દીપ પ્રજ્જવલ્લિત કરી, સભામાં ઝળહળતી જ્યોતિં તેજકિરણો રેલાવ્યાં. પ્રમુખશ્રી દોલતભાઈ ભટ્ટ અને શ્રી રમેશભાઈ ડી. પટેલ દ્વારા અભિનય સમ્રાટ શ્રી ઉપેન્દ્ર ત્રિવેદીનું પરિમપ પમરાટ ફોરતાં પુષ્પગુચ્છથી અભિવાદન કરી આવકારવામાં આવ્યા. ગુજરાતી લોકસાહિત્ય અને ફિલ્મી કથા પટકથા - ફિલ્મોમાં એવોર્ડથી સન્માનિત એવા શ્રી દોલતભાઈ ભટ્ટ દ્વારા, વિદ્વાન વક્તા શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી અને હાજર સર્વેનું અંતરના ઉમળકાથી શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ પ્રાસંગિક પ્રવચન કરતાં શ્રી દોલતભાઈએ શ્રી ઉપેન્દ્ર ત્રિવેદીનો પરિચય આપી, ગુજરાતી ફિલ્મ ક્ષેત્રે અરસપરસના યોગદાનની મીઠી સ્મૃતિઓને વાગોળી અને જણાવ્યું કે ગુજરાતના અભિનય સમ્રાટ શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી, હાસ્યના બેતાજ બાદશાહ શ્રી રમેશ મહેતા અને અરૂણા ઈરાની તથા અન્ય ગુજરાતી કલાકારોએ રાષ્ટ્રીય શાયર શ્રી મેઘાણી અને અન્ય લેખકોની લોકકથાઓ, નવલકથાઓ અને વાર્તાઓ સુપેરે અભિનિત કરી જનસમાજ સમક્ષ મુકીને ખરા અર્થમાં તેમને જીવંત કરી છે. નવલકથાનાં પાત્રોને આત્મસાત કરીને તેને જીવંતતા બક્ષવામાં તથા એકાગ્રતા, સૂઝબૂઝ અને સમજથી પાત્રોને રમતાં મૂકી, જનતાના વિચારોમાં અને વ્યવહારોમાં હકારાત્મક પરિવર્તન લાવવામાં અને ગુજરાતી સાહિત્યને ઊંચા સ્તરે લઈ જવામાં, રંગભૂમિમાંથી ચલચિત્ર ક્ષેત્રે પદાર્પણ કરનાર તથા નાનાથી મોટા - એમ દરેક ગુજરાતીના દિલમાં સ્થાન પામનાર અભિનય સમ્રાટ શ્રી ઉપેન્દ્ર ત્રિવેદીનો અમૂલ્ય ફાળો રહેલો છે.''

અભિનય સમ્રાટ અને વિદ્વાન વક્તા શ્રી ઉપેન્દ્રભાઈ ત્રિવેદીએ તેઓશ્રીની હલકદાર જોશીલી વાણીમાં વક્તવ્યની શરૂઆતમાં જણાવ્યું કે, ભાગીરથી ગંગા અને બીજી સરિતાઓ વહે છે, તેમાં પાણી પુષ્કળ છે... પરંતુ, પાણી પીવું હોય તો જ પીવે... પછી કે કાંઠેથી પીએ કે ઘાટ પરથી પીએ. ત્યાં કાંઠાનું કે ઘાટનું મહત્ત્વ નથી. મહત્ત્વ છે ફક્ત તરસનું - પ્યાસનું. તરત ન હોય તો પાણી કે ઘાટની કોઈ કિંમત નથી. તે પ્રમાણે, આ સભામાં આવા વરસતાં વરસાદમાં લોકો ભીંજાઇને પણ આટલી મોટી સંખ્યામાં અત્રે એકત્રિત થયા છે તે ગાંધીનગર વાસીઓની જ્ઞાનની જિજ્ઞાસાનો, જ્ઞાનની પિપાસાનો - તરસનો શુભ સંકેત છે. દોલતભાઈ ભટ્ટ જેવા મઢેલા સિધ્ધહસ્ત લેખક અને સંવેદનશીલ માનવી લખે છે ઘણું પણ બોલે છે ઓછું! તેઓનાં લોકસાહિત્ય તથા તેમની નવલકથાઓ પરથી તૈયાર થયેલ ચલચિત્રોનાં મોંફાટ વખાત કરતાં જણાવ્યું કે, લેખક લખે છે ત્યારે તેને મૌનમાંથી ઉર્જા મળે છે, જયારે મારા જેવાને કલાકારોને બોલવામાંથી ઉર્જા મળે છે. આ મૌનની ઊર્જા અને વાણીની ઊર્જાના ફૂલોની આપણે માળા ગૂંથીને મા ગુર્જરીને ચઢાવવાની છે. ચિત્ર, નાટક, સંગીત, નૃત્ય, સાહિત્ય જેવી કળાના અંગોમાં 'સાહિત્ય' એ કલમ વડે લખાયેલી ફિલ્મમાં રૂપાંતર જરૂરી શા માટે છે, તે અંગે વિચારીએ તો -

- તે લોકો સુધી શ્રાવ્ય અને દૃશ્ય રીતે પહોંચી શકે
- પ્રાપ્ત આનંદ વધુમાં વધુ લોકોને વહેંચી શકાય
- નમણી નાગરવેલ, વાંસળી વાગી વાલમની વગેરે તથા અન્ય નવલકથાઓ વાંચતી વખતે તેઓ આસ્વાદ કરવામાં તકલીફ પડે તેનું નિવારણ કરી, ભાવક સમક્ષ મુકી શકાય અને ખાલીપો દૂર કરી શકાય.
- સૌંદર્ય જોવાનું ચુકાઈ ગયું હોય તે તાદશ કરી, વધુ ઝળહળાટ માટે અને લેખકની ભૂલને સુધારવા માટે.
- વર્ષો પહેલાં લખાયેલ વાત સાંપ્રત સમાજમાં કેટલી પ્રસ્તુત છે, તે કહેવા અને ઘટનાઓનો લોપ થાય છે, પરંતુ તત્વ પકડાય છે અને વર્ષો પછી ફરી મૂલ્યાંકન સમીક્ષા થાય છે અને નવા વાતાવરણમાં ભાવક સમક્ષ રજૂ થાય છે.
- વસ્તુ પ્રકાશ અને ચિત્ત પ્રકાશને એમ બંનેને એક કરીને શબ્દનું બંધારણ આપે છે. શબ્દનું નિધન થતું નથી. બોલાયેલ શબ્દનો નાશ થતો નથી.
- શબ્દનો ગુંજારવ - સંવાદ બનીને આવે, તીવ્ર વેદના થઈને પરિસ્થિતિને અનુકૂળ થઈને આવે ત્યારે શબ્દ અનેક ગણો મહિમાવંતો બને છે.
- કેટલાંક કારણોસર વર્ણનમાં ઉતરી પડવાનાં કારણે યથાર્થતા માટે ઘણું વર્ણન કરવું પડે. પહાડોથી ઊંચાઇ, ખીણઓની ઊંડાઇ, વનરાજીની ઘટાઓ - ગહરાઈઓ અને કુદરતની વિરાટતા સામે માનવની અલ્પતાને કારણે તાદશ્યતાનો અભાવ વર્તાય, જે ફિલ્મ દ્વારા વર્ણનને તાદશ કરી, માધ્મમની વિશેષતાઓ આત્મસાત કરી શકાય.

સાથોસાથ વાચક - ભાવક જયારે પુસ્તક વાંચે છે ત્યારે, પોતાની કલ્પનાઓ તેમાં ઉમેરી શકે છે. પોતાના અનુભવો, રંગો, સંભારણાં જોડી શકે છે, જે ફિલ્મમાં શક્ય નથી. ભાવક પરવશ છે અને તેની સ્વતંત્રતા છીનવાઈ જાય છે અને દિગ્દર્શકની બુધ્ધિમતા ઉપર આધાર રાખીને, તેનો આશરો લેવો પડે છે.

તેમણે ''ગુજરાતી નવલકથાઓનું ચલચિત્રમાં પ્રદાન'' એ બાબતે વિશેષ છણાવટ કરતાં જણાવ્યું કે, સાહિત્યના પાયામાં સમાજ અને સંસ્કૃતિ રહેલાં છે, જેણે પરિણામે કવિ કે લેખક દ્વારા તૈયાર થયેલ કવિતા કે નવલકથાથી સમાજને નવો સંદેશ અને સંકેત મળે છે. સમાજ અને સંસ્કૃતિની સલામતી માટે ફિલ્મો અતિ મહત્ત્વનો રોલ ભજવે છે. ચલચિત્ર અને નવલકથા એ બંને એકબીજા પર અવલંબિત છે. એકબીજાના પર્યાય છે. અગાઉનાં ચલચિત્રો માનવીની ભવાઈ, ભવની ભવાઈ, ઝેર તો પીધાં છે જાણી જાણી, ભાદર તારાં વહેતાં પાણી, મનનો માણીગર, મળેલા જીવ, માલવપતિ મુંજ, લીલૂડી ધરતી, જોડિયા પાવા, વીર માંગડાવાળો, શતરંજ કે ખેલાડી, મચ્છુ તારાં વહેતા પાણી - જેવી અનેક ફિલ્મો નવલકથાઓ ઉપરથી બનાવવામાં આવી છે, અને સાહિત્યનાં પાયામાં સમાજ અને સંસ્કૃતિ રહેલાં હોવાથી આ ફિલ્મોએ સમાજ અને સંસ્કૃતિની સલામતીમાં અને પારિવારીક ભાવનાને જોડી રાખવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે, પરંતુ પશ્ચિમી સંસ્કૃતિના થઈ રહેલાં આંધળા અને અવિચારી અનુકરણને પરિણામે વર્તમાન સમયનાં ચલચિત્રો જનતા, સમાજ અને સંસ્કૃતિને લક્ષમાં લીધા સિવાય બનાવવામાં આવે છે, જેમાં અશ્લિલતાએ સ્થાન લઈ લીધું છે, આથી પારિવારિક ભાવના ઉત્તરોત્તર નષ્ટ થતી જાય છે અને સમાજ અને સંસ્કૃતિને લૂણો લાગતો જાય છે. આમ, ગુજરાતી ફિલ્મોના સુવર્ણયુગનું વર્ણન કરતાં કરતાં, તે સાથે સંકળાયેલ લેખકો, દિગ્દર્શકોની વાતો અનોખા અંદાજમાં રજૂ કરીને પ્રેક્ષકોને ૭૦-૮૦ના દાયકામાં ડોકીયું કરાવી, ભવ્ય ભૂતકાળની યાદો તાજી કરાવી દીધી હતી. તેઓએ એ વાતનો અફસોસ વ્યક્ત કર્યો હતો કે, ગુજરાતની ફિલ્મ ક્ષેત્રેનાં પ્રચંડ પુરૂશાર્થની નોંધ નથી લેવાઈ, ગુજરાતીમાં અગાઉ જે ફિલ્મ ક્ષેત્રે ઉમદા પ્રધાન થયું છે તેવું, અન્ય ભગિની ભાષાઓમાં કયાંક થયું નથી, તેમ છતાં ગુજરાતના કલાકારોની આ બાબતે નોંધ નથી લેવાઈ, તે મહાદુઃખની વાત છે.

અભિનય સમ્રાટ અને વિદ્વાન વક્તા શ્રી ઉપેન્દ્ર ત્રિવેદીનું વ્યાખ્યાન, ભરચક હૉલનાં શ્રોતાઓએ મનભર માણ્યું અને વખાણ્યું. ત્યારબાદ શ્રી રમેશભાઈ ડી. પટેલ દ્વારા પ્રાસંગિક બે બોલ કહીને સર્વેનો અંતઃકરણપૂર્વકનો આભાર માનવામાં આવ્યો અને સભાની પૂર્ણાહૂતિ પૂર્વ મંત્રીશ્રી નટવર હેડાઉ દ્વારા મોંઘેરા મહેમાન અને ઉપસ્થિત સર્વેનો તથા જિલ્લા સરકારી પુસ્તકાલયના શ્રી દવેનો સહકાર બદલ આભાર માનવામાં આવ્યો.

- ''દધિ''

## ● ગુજરાતી સાહિત્ય પરિષદનાં આગામી કાર્યક્રમો

● ગુજરાતી ભાષા અને કૉમ્પ્યુટર સજ્જતાનો વર્ગ, સંયોજક રૂપલ મહેતા - તા. ૨૧, ૨૮-૯-૨૦૧૨ સાંજે ૫ થી ૬ : ૩૦.

સાહિત્યકારો, લેખકો, પત્રકારો, અધ્યાપકો, શિક્ષકો, સાહિત્યકારો, ભાષાપ્રેમી તથા વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષા - કૉમ્પ્યુટરની અભિમુખતા માટે એક તક.

● વિશ્વ કવિતા કેન્દ્ર
શ્રી ધીરૂ પરીખ : તા. ૧૯, ૨૬-૯-૨૦૧૨, સાંજે ૭ : ૦૦ વાગે.

● નવોદિત સર્જન સાથે સંવાદ
સંયોજક : ધ્વનિલ પારેખ, તા. ૨૧-૯-૨૦૧૨, સાંજે ૫ : ૦૦ વાગે.

● પાક્ષિકી :
સંયોજક - દીવાન ઠાકોર, તા. ૨૦-૯-૨૦૧૨
રાજુલ આઝાદ મૌલિક વાર્તાનું પઠન કરશે.

# કાલ સ્વરાજ જોઈતું હતું આજ પણ સ્વરાજ જોઈએ છે

## ચર્ચા સભા

- કાનજીભાઈ વી. ચૌધરી

ગાંધીજીના અથાગ પ્રયત્નો અનેક શહિદોના રક્ત સિંચનથી ૧૯૪૭ની પંદરમી ઓગષ્ટે દેશ સ્વતંત્ર થયો. નાગરિકોને સ્વરાજ મળ્યું. નાગરિકોને આપણા નેતાઓએ અનેક તરકીબો અજમાવી ૧૯૬૫ સુધી ગુલામીથી પણ બહેતર ગુલામ બનાવી દીધા.

પ્રથમ પગથીયે રાષ્ટ્રીય કે પ્રાદેશિક પક્ષોએ આંતરિક ચૂંટણી ને તિલાંજલી આપી આપખુદશાહી સ્થાપિત કરી. દરેક નેતાને વફાદારીનો ચોળો પહેરાવ્યો. જનતાની સેવા બાજુ કરી સ્વસેવા શરૂ કરી. ચૂંટણીને મોંઘી બનાવી. મસલ્સ પાવરે નેતાઓમાં સ્થાન પ્રાપ્ત કર્યું. મેન્ડલ શબ્દનો સહારો મેળવી વફાદારોને ટીકીટ વહેંચણી શરૂ કરી. કાયદા કાનૂન નાગરિકોને વસમાં રાખવા ઘડાવા લાગ્યા, નેતાઓને, સરકારી નોકરોએ રક્ષણ પ્રાપ્ત કર્યું. જેથી નાગરિક નેતા કે સરકારી નોકર ગુનેગાર હોવા છતાં કાર્યવાહી કરવા ઉપરી અધિકારીની પરમીશન લીધા પછી કાર્યવાહી કરી શકે. ઘરનાં દેવને ઘરના પુજારી કહેવત પ્રમાણે નાગરિકને પરમીશન મળે નહિ ને કોઇ પણ કાર્યવાહી થાય નહી. સામે નિર્દોષ કાર્યવાહીની ચેષ્ટા કરતો અમલદારો કે નેતાઓ તેને એનકેન પ્રકાકેર ગુનાઓ ઠોકી પરેશાન કરી શકે.

અમલદારોને ફરજના બંધનોથી મુક્ત રાખ્યા છે. કાયદાઓ છીંડાવાળા બને છે. ભ્રષ્ટાચાર ન થઈ શકે તો કાયદાના છીંડાનો ઉપયોગ કરી વર્ષો સુધી ફાઈલો દાબી શકાય છે. જે પણ કાયદા બને છે તે પક્ષોને હીતમાં અને ભ્રષ્ટાચારની સરળતા માટે બને છે.

ખુન કેસ ગમેતે ગુનો કરનારના પડખે નેતાને રાખવાથી તે નિર્દોષ છૂટે છે. ગુનો ન કરનારને સજા થઈ રહી છે. ન્યાય શબ્દ અદશ્ય થઈ રહ્યો છે.

સત્તા માટે ચૂંટાયેલાં સભ્યો વેચાઈ રહ્યાં છે. ખુરશીની લાલચે દેશપ્રેમ વેચાઈ રહ્યોછે. આઝાદી ખોડગાઈ છે. દેશનાં સર્વોચ્ચ નેતાની દૃષ્ટિ સામે અબજોનો ભ્રષ્ટાચાર થઈ રહ્યો હોય છતાં ખુરશી સાચવી રહ્યાં છે. અને ક્લિન હોવાની બાંગો પોકારી રહ્યાં છે. દેશપ્રેમને બદલે પક્ષપ્રેમને પ્રાધાન્ય મળી રહ્યું છે.

વારસાઈ અસ્તિત્વમાં આવી છે નહિ, સ્થાપિત થઈ ચુકી છે, રાજાશાહીની માફક ૮૦ ટકા નેતાઓના વારસદારોએ સત્તા સંભાળી લીધી છે. પૈસા મેળવો પૈસા વહેચોને રાજ કરોનું સૂત્ર અસ્તિત્વમાં આવ્યું છે. પછાત વર્ગને પછાત ને અશિક્ષિત રાખવા શાળાઓમાં નાપાસ પ્રથા રદ્દ કરી ભણે ના ભણે સાતમુ પાસ, વાંચતા કે નામ લખતા આવડે નહીં, અધકચરા શિક્ષિત પાસેથી વોટ ખરીદીમાં પૈસાનો, દારૂનોને લાલચનો સહારો લેવામાં સરળતા રહે.

જ્ઞાતિવાદ અસ્થિત્વમાં આવ્યો છે. આ ઉમેદવાર આપણી જ્ઞાતિનો છે પછી ભલે ભ્રષ્ટ હોય આતંકવાદી હોય. ચુંટણી પછી ભલે સામુ પણ ન જુએ. પ્રચાર માધ્યમથી ઠસાવાય છે. આપણો છે વોટ આપે છે.

ચૂંટાયેલા સાંસદો પાસે વોટ માગવાનો અધિકાર છે. મેન્ડલનો ઉપયોગ કરી સંસદ પાસેથી વોટનો અધિકાર છીનવાય છે. સાંસદો વફાદારીને મેન્ડલના શબ્દોમાં મતાધિકાર ગુમાવી બેઠા છે. ખુરશીની લાલચ પણ ખરી.

૧૯૪૭ ના ચાંદીના રૂપિયાની કિંમત આજે રૂા. ૮૭૫ ઉપજે છે. રૂપિયો ચાંદી સાથે સંકલિત હતો તેની જગ્યાએ મિશ્ર ધાતુ એવી છે કે રૂપિયો ભાગીને વેચવા જઈએ તો કશું જ ઉપજે નહીં. રૂપિયો ચોખ્ખી ધાતુથી અળગો બનતા ઘસાતો રહ્યો. આજે ૧૦૦૦ = ૧.૨૫ કિંમત બની છે. કદાચ ટૂંક સમયમાં રૂા. ૧ = ૧૦૦૦ થતાં વાર લાગશે નહિ. સરકારે સિક્યોરીટીમાં ચાંદી કે સોનું સંઘર્યું છે. તેની કિંમત સચવાઈ રહી છે. નાગરિક લૂંટાઈ રહ્યો છે.

નેતાઓને અધિકારીઓએ ભ્રષ્ટ રીતે ભેગી કરેલી સંપત્તિ વિદેશોમાં ડૉલર સ્વરૂપે ખસેડી છે. ડૉલર સ્વચ્છ ધાતુ સાથે સંકલિત હોવાથી ઘસાતો નથી. તેમને નુકશાન નથી. સ્વરાજય મળ્યું ત્યારે નાગરિક પર વેચાણવેરા ૪ % ઈન્કમેક્ક્ષ, જુદી જુદી આવક પર લેવાતો મ્યુનિસીપાલીટી ૨ % વેરો ઉઘરાવતી. ઘરવેરો સામાન્ય હતો.

આજે જુવો ગણ્યા ગણાય નહિ તેટલો ટેક્ષ ઠોડી બેસાડ્યા છે. ખોટો ટેક્ષ મનસુબી પ્રમાણે ઉઘરાવ્યો હોય તો નોટીસ પ્રમાણે વાંધા સાથે ભરો પછી અપીલ કરી પાછો મેળવો પાછો મેળવતા વર્ષો વહી જાય. ભ્રષ્ટાચારના આધારે જલ્દી મેળવી શકાય. અમલદારે ખોટો ટેક્ષ આકાર્યો છે તે નિર્દોષ ને નાગરિક ડંખાય.

જમીનોની સરળ પધ્ધતિ જમીન ખેડૂતની સરકાર દફતર રાખવાનું કામ કરે હવે ખેડૂત બાપળો બન્યો અવનવા કાયદા કરી ખેડૂતને ગૂંચવી નાખ્યો. જમીનના વેચાણ કરતાં અમલદારો નેતાઓ અનેક ઘણી કમાણી કરે ભ્રષ્ટ રીતરસમોથી કમાયા. શહેરી વિકાસ, ઔડા, રહેઠાણ ઝોન, ઈલેક્ટ્રીસીટી, ઔદ્યોગિક વસાહતો, સરકારી જરૂરિયાત ખેડૂતને પૂછ્યા વગર એકવાયર થાય. ભાવ કોઈ પણ એજન્સી નક્કી કરે. સરકારને એજન્સીઓ કમાય ખેડૂતો પાસે ૨૫ % રકમ આવે નહીં. એજન્સીઓ વહેપાર કરે તેમાં નેતાઓને અમલદારોનો સહિયારો વહેપાર.

કોઈ પણ યોજના નાગરિક સુધી પહોંચતા નાગરિક પાસે ૧૦૦ પૈસે ૧૦ પૈસા આવે છે. દેશનાં સર્વોચ્ચ હોદ્દેદારો પોતે સ્વીકાર્યુ છે.

આજ સુધી સરકારી ઉચ્ચ અધિકારીઓને નેતા ગુનેગાર થયા નથી. ઘાસચારોનાં કૌભાંડોમાં સંડોવાયેલા હોય અતિ સંપત્તિ કેસ હોય, તૂટતી સરકારને ટેકો આપો ને કેસ વર્ષો સુધી ફાઈલોમાં દબાયેલો રાખો. આંચ આવે નહીં પણ ઉચ્ચહોદ્દા ધારણ કરી લીલાલેર કરતાં કરતાં અબજો પતિ બનતા જાવ. ન્યાય કયાં?

પોલીસતંત્ર સડી ગયું છે. નાગરિકોને રંજાડી નેતાઓને કદમપોષી કરવામાં વ્યસ્થ છે. આ તંત્ર જેટલો ભ્રષ્ટ વહેવાર કયાંક જોવા મળશે નહીં. નાગરિકો ફરિયાદ લખતાં ડરે છે. પોલીસની તલવાર બેધારી છે. ફરિયાદીને ગુનેગાર બંને પર ફરે. પોતાની પસંદગીની જગ્યા મેળવવા કરોડોનો ખર્ચ કરતાં ખચકાતાં નથી.

સરકારી અમલદારો એમ તો નાગરિકોના સેવકો છે પણ નાગરિકો તેમનાં સેવકો બની બેઠાં છે. નેતાઓ સેવા કરવા જાય છે મેવા મેળવી રહ્યાં છે.

વોટ મેળવવાની લાલચમાં દેશના રક્ષકોની નૈતિકતા નેતાઓ ખંડિત કરતાં ખચકાતાં નથી. સંરક્ષણના સોદાઓમાં કરોડો નહીં પણ અબજોના ગોટાળા થયાં છે. ગોટાળાના જાહેર થતા રાજકારણના ખેલાડીઓની તેની પાછળ ખેલખેલી નિર્દોષ છૂટ્યા છે. તેનો ખર્ચ ગોટાળા કરતા અનેક ગણો થયો. લશ્કરનું મોરલ તોડવા આજના નેતાઓ ખચકાતા નથી કોઈ એક ધર્મોના જ વૉટ માટે જતો.

શિક્ષણ ક્ષેત્રે ગરીબને મધ્મય વર્ગની ચાંચકુળે નહિ તેવી સ્થિતિ સર્જી છે. શિક્ષણનો વહેવાર થયો છે. નીચલો વર્ગ ઊંચો આવે નહીં તેના પેતરા થાય છે. અમલદારો, નેતાઓના છોકરા મોંઘીદાટ ફી ભરી ભણાવે છે. પ્રાથમિક શિક્ષણ કથળ્યુંછે. સરકારી કે મ્યુનિસિપલ સ્કૂલોને ભણાવવા કરતાં મીટીંગોમાં મોકલાય છે. પ્રાથમિક શિક્ષણ ખાડે ગયું છે. છોકરાને ભણાવવા ઈચ્છતો વાલી સરકારી શાળાઓમાં મોકલતા ડરે છે. ખાનગી શાળાઓ ટ્યુશન તરફ વળી છે. બાળકને ભણાવવા કરતાં વાલીને ચીઠ્ઠી લખી મોકલે છે. તમારો બાળક નબળો પડી રહ્યો છે. મળી જાવ બાળક નબળું પડે છે દોશ શિક્ષકનો વાલી મળવા આવે તો શિક્ષણ સુધારવાનું? ના ટયુશનનો સોદો થવાનો.

આપણે હવે વિચારવું રહ્યું આજના નેતાઓને અધિકારીઓ અંગ્રેજોને સારા કહેવડાવી રહ્યા છે, નેતાને સરકારી અમલદારોમાં દેશપ્રેમ બચ્યો છે?

માટે કાલ સ્વરાજ જોઈતું હતું આજ પણ સ્વરાજ જોઈએ છે.

# સમય નથી ને કામ ઘણું છે, ટેન્શનનો બહુ મારો છે, નસીબ અને પુરૂષાર્થ બેમાંથી જોઈએ કોનો વારો છે

## મુકદ્દર યા સિકંદર

- હર્ષદરાય ઉપાધ્યાય

આજના ઝડપી યુગમાં સર્વસામાન્ય ફરિયાદ યા રજૂઆત જો કોઇ હોય તો તે છે સમય નથી. આજકાલ કામનું ભારણ, ટેન્શનવાળી જિંદગી અને સમયની મર્યાદા એ સૌ માટે કોમન મુંજવતો પ્રશ્ન છે. સામાન્ય ગામડાથી લઇ મહાનગરો સુધી જોતાં આ વાતના પુરાવા અનેક મળી રહે છે. સૌ જાણે કે દોડી રહ્યાં છે. એક સાંધતાં તેર તૂટે એવો કપરો કાળ ચાલી રહ્યો છે. બે છેડા ભેગા કરવા સૌ મથામણ કરી રહ્યાં છે. યેનકેન પ્રકારેણ સૌને પૈસા જોઇએ છે.

વ્યક્તિની આ સમસ્યા એ વ્યક્તિને બેબાકળો બનાવી મૂક્યો છે. થાય તેટલા યત્નો માનવી કરી રહ્યો છે. આરોગ્ય અને અન્ય જવાબદારીઓ પ્રત્યે જાણે-અજાણ્યે દુર્લક્ષ સેવાઇ જાય છે.

આ બધા પ્રશ્નોના ઉકેલ માટે દોડતો - હાંફ્તો - થાકતો માણસ અંતે એ વાત ઉપર અટકે છે કે જયાં તેને કાંઇક છૂટકારો મળે છે. અને તે છે નસીબ અથવા પુરૂષાર્થ.

આપણે ઘણાને કહેતા સાંભળીએ છીએ કે ગમે તેમ કરો પણ નસીબમાં હોય તેટલું જ મળે છે. જયારે ઘણાની વાતોમાં પુરૂષાર્થની પ્રશંસા છૂપાયેલી હોય છે. તેઓ કહે છે કે નસીબમાં માની બેસી રહેવાથી કશું વળતું નથી. એ તો પુરૂષાર્થ જ કરવો પડે.

આ સામાન્ય લાગતા બે શબ્દો નસીબ અને પુરૂષાર્થના પડછાયામાં વિશ્વનું સૌ કોઇ છૂપાઇને બેઠું છે. ક્યારેક દલીલો સાંભલી ઘડીભર થાય કે હા નસીબ જ મહત્ત્વનું છે તો ક્યારેક થાય છે કે ના ના પુરૂષાર્થ જ મહત્ત્વનો છે. વાત જોવાની સૌની આગવી રીત હોય છે. પોતાના અયોગ્ય દિશાના કે અધૂરા પુરૂષાર્થ ને પરિણામે ધાર્યું ન બને એટલે તરત નસીબને દોષ દેનારા વ્યક્તિને પોતાની આ ભૂલની સમજ નથી હોતી.

નિષ્ફળતા પાછળ પોતાની નબળાઇ જોવાની ટેવ પડશે તો સફળતા દોડતી આવશે. પરંતુ આંતરિક અહંકાર અને વધુ પડતો આત્મવિશ્વાસ માણસને પોતાની ભૂલોનું ફરી પ્રયત્ન વખતે પુનરાવર્તન થયા કરે છે અને વારંવાર નિષ્ફળતા અપાવે છે. આ પ્રકૃતિ ધરાવતા માણસો પુરૂષાર્થને બદલે નસીબનાં ગુણગાન ગાતા હોય છે અને પોતાના અનુભવો ને આધારે નસીબની બલિહારી સાબિત કરવા પ્રયત્ન કરતા હોય છે.

પરંતુ સત્ય તો એ છે કે પુરૂષાર્થને અંતે જ કાંઇ પણ પ્રાપ્ત થાય છે. કદાચ એવું બને કે અન્ય દ્વારા થયેલ પુરૂષાર્થનું ફળ તેના આસપાસનાં ને મળે અને ત્યારે આ અન્ય વ્યક્તિનો પુરૂષાર્થ જોવાને બદલે નસીબને ધન્યવાદ આપવા વ્યક્તિ લલચાય છે.

સુતેલા સિંહના મુખમાં હરણ આપમેળે આવી જતું નથી આ સંસ્કૃત ભાષાની વાતથી આપણે કયાં અજાણ છીએ? નસીબને આધારે બેસનારને કશું પ્રાપ્ત થતું જ નથી. જયારે કદાચ પુરૂષાર્થ નિષ્ફળ જાય તો પણ તેનું ફળ કોઇને કોઇ સ્વરૂપે પ્રાપ્ત થતું જ હોય છે.

યાદ રાખવા જેવી વાત એ છે કે નસીબને આધારે બેસી રહેવા જેવી ભૂલ કદી ન કરવી જોઇએ. કટાઇ જવા કરતાં ઘસાઇ જવું સારું; અત્યારે એક વાત લખવાનું મન રોકી શકતો નથી.

એક જૂના જમાનાની વાત છે. એક રાજા એક વજીર શિકારે નીકળ્યા. રસ્તો જંગલમાં અટપતો હતો તેથી બંને રસ્તો ભૂલ્યા અને ઘોર જંગલમાં પહોંચી ગયા. બપોર થઇ હતી. કકડીને ભૂખ લાગી હતી. એક તળાવ કિનારે તેઓ આવી પહોંચ્યા. પાણી પીધું અને થોડી વાર ત્યાં ઝાડ નીચે આરામ કરવા બેઠા.

થોડીવાર પછી વજીર બોલ્યા કે હવે ચાલો આગળ વધીએ અને કોઇ સ્થળે ભોજન જેવું મળે તો શોધીએ. ત્યારે રાજા બોલ્યા કે મને બહું થાક લાગ્યો છે. હું અહીં બેસી રહીશ. વજીરે કહ્યું, 'મહારાજ પુરૂષાર્થ કર્યા વગર ભોજન કેવી રીતે મેળવીશું?' ત્યારે રાજા બોલ્યાં કે, 'નસીબમાં હશે તો અહીં બેઠાં મને ભોજન મળશે.' વજીર પુરૂષાર્થમાં માનતો હોઇ તે એકલો જ ભોજનની શોધમાં ગયો. સદનસીબે તેણે એક નાનું ગામ જોયું. વજીર ગામમાં ગયો અને પોતાના પરિચય આપ્યો. તરત તેના માટે ભોજનની વ્યવસ્થા થઇ. તેણે ભોજન કર્યું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૧૫મી સપ્ટેમ્બર



● આધુનિક ભારતના ઘડવૈયા ડો. મોક્ષાગુંડમ વિશ્વશ્વરૈયાનો જન્મદિન.

૧૮૯૪માં ભારતનો પ્રસિધ્ધ સક્કરબંધ (હાલ પાક.માં છે) નું નિર્માણ કર્યું. કાવેરી નદી પર કૃષ્ણરાજ સાગર બંધ બાધ્યો. કુશળ - ઉચ્ચ કક્ષાના ઇજનેર અનેક મહત્ત્વનાં સ્થાનો પર નિયુક્ત થયા હોય.

● ૧૮૩૦ - વિશ્વમાં રેલ્વે યુગનાં પ્રારંભ લિવરપુલથી માન્ચેસ્ટર પ્રથમ રેલ્વેનો પ્રારંભ.

● ૧૯૪૬ - બલ્ગેરિયાનો સ્વતંત્રદિન.

● ભારતમાં સૌ પ્રથમવાર અલ્હાબાદ હાઇકોર્ટમાં ઇતિહાસમાં હિન્દી ભાષાનો ચુકાદો અપાયો.

● જાસૂસી કથાના લેખક



અંગ્રેજ મહિલા આગાથા ક્રિસ્ટીનો અમેરિકા ખાતે જન્મ.

● ૧૯૭૧ - ભારતમાં સૌપ્રથમ સ્વયં સંચાલિત દૂધ વિતરણ યંત્ર ડો. કુરિયન વડોદરામાં ખુલ્લું મૂક્યું.